સેન્ટ્રલ રેલવેના સિગ્નલ કેબીનમાં આગ

મુંબઈ,તા.૧૮

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં આજે સવારે વ્યસ્ત કલાક દરમિયાન લાખો લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સેન્ટ્રલ રેલવે ઉપર લાખો યાત્રીઓ થોડાક સમય માટે અટવાઈ પડ્યા હતા. કારણ કે લોકલ ટ્રેનો ૪૦ મિનિટ સુધી લેટ થઈ ગઈ હતી. મુંબઈમાં પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું હતું કે સિગ્નલ કેબીનમાં આગ ફાટી નીકળ્યા બાદ આ સ્થિતિ સર્જાઈ હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે કુરલા સ્ટેશન ખાતે સિગ્નલ કેબીનમાં આગ ફાટી નીકળી હતી જેના કારણે ઈલેક્ટ્રીક અને સિગ્નલ કેબલ નેટવર્કને નુકસાન થયું હતું. આ આગને થોડાક કલાકમાં જ કાબૂમાં લઈ લેવામાં આવી હતી પરંતુ સેન્ટ્રલ રેલવે ઉપર સેવા ખોરવાઈ ગઈ હતી. ઉપનગરીય અને લાંબા અંતરની ટ્રેનોને પણ વહેલી સવારમાં પ્રતિકૂળ અસર થઈ હતી.

યાત્રીઓ અટવાયા.....

- સિગ્નલ કેબિનમાં આગથી સેન્ટ્રલ રેલવે સેવા ખોરવાઈ
- લોકલ ટ્રેનો વ્યસ્ત કલાકમાં જ ૪૦ મિનિટ લેટ
- લાખો લોકો સવારમાં જ અટવાઈ પડ્યા
- કુરલા સ્ટેશને સિગ્નલ કેબિન આગમાં ભસ્મીભૂત
- ઈલેક્ટ્રીક અને સિગ્નલ કેબિનને માઠી અસર
- કલાકોની જહેમત બાદ આગ ઉપર કાબૂ
- સવારમાં જ ઉપનગરી અને લાંબા અંતરની ટ્રેનો ખોરવાઈ ગઈ
- ચાર આવતી અને જતી ટ્રેનો રદ કરવી પડી
- સીએસટી, દાદર, કુરલા, થાણે અને અન્ય મહત્વના સ્ટેશનો ઉપર લોકોમાં નારાજગી જોવા મળી
- પ્લેટફોર્મ ઉપર ટ્રેન ઈ-ટીકેટરો પણ બંધ થઈ જતાં ટ્રેનોના કાર્યક્રમ અંગે માહિતી ન મળી
- સેન્ટ્રલ રેલવે નેટવર્કનો દરરોજ ૪૦ લાખ લોકો ઉપયોગ કરે છે

આઉટ સ્ટેશનની ટ્રેનો રદ કરવામાં આવી હતી. લાંબા અંતરની ટ્રેનોમાં ભારે

વિલંબ થતાં હજારો લોકોની હોલી ડે યોજના ખોરવાઈ ગઈ હતી. સીએસટી, દાદર, કુરલા, થાણે અને અન્ય મહત્વપૂર્ણ સ્ટેશનોએ લોકો અટવાઈ પડ્યા હતા. પ્લેટફોર્મ ઉપર ટ્રેન ઈ-ટીકેટર પણ ખોરવાઈ ગયા હતા જેથી ટ્રેનોના કાર્યક્રમ અંગે લોકોને કઈ પણ જાણ થઈ ન હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સેન્ટ્રલ રેલવે નેટવર્કનો ઉપયોગ કરનાર લોકોની સંખ્યા આશરે ૪૦ લાખ જેટલી છે. આટલામાં ઓછું હોય તેમ તકલીફ એ વખતે વધી ગઈ હતી જ્યારે અધિકારીઓએ કહ્યું હતું કે સિગ્નલ કેબીન અને અન્ય કેબીનમાં રિપેર કામગીરીને બે ત્રણ દિવસ લાગી શકે છે. બે ત્રણ દિવસ બાદ જ સ્થિતિ સામાન્ય બનશે. દરમિયાન સેન્ટ્રલ રેલવેએ સ્થિતિને સામાન્ય બનાવવા કામચલાઉ પોરણે હાર્બર લાઈનના ટ્રૂટ ઉપર અથવા તો લાંબા અંતરની ટ્રેનમાં અથવા તો લોકલ ટ્રેનમાં સિઝન ધરાવતા લોકોને મંજૂરી આપી હતી. મંગળવારે મોડી રાત્રે કુરલા-વિદ્યાવિહાર વચ્ચે સિગ્નલ કેબિનમાં આગ ફાટી નીકળી હતી. ત્યારબાદથી તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ છે. આગ ઉપર રાત્રે ૧૨ વાગે કાબૂ મેળવી લેવામાં સફળતા મળી હતી. આ સમગ્ર મામલાના ઊંડી તપાસ હાથ ધરવામાં આવી ચૂકી છે. સિગ્નલ ખરાબ હોવાના કારણે કુરલા-વિદ્યાવિહાર ટ્રૂટ પર મેન્યુઅલ પાઈલોટીંગ મારફતે ટ્રેનો ચલાવવામાં આવી રહી છે જેના કારણે ટ્રેનો ૪૫ મિનિટ મોડેથી દોડી રહી છે. આગના કારણે ખૂબ જ નુકસાન થયું હોવાની કબૂલાત રેલવે અધિકારીઓ દ્વારા કરવામાં આવી છે. આગામી બે-ત્રણ દિવસ સુધી સ્થિતિને સામાન્ય કરવામાં લાગી શકે છે જેથી હજુ યાત્રીઓને વધારે મુશ્કેલીનો સામનો કરવો પડશે. આવતીકાલે પણ સવારે લાખો લોકોને અડચણો પડી શકે છે જેથી યાત્રીઓ અને ખાસ કરીને નોકરી કરતા લોકોની પહેલાંથી જ સાવધાની રાખવી પડશે.

ચૂંટણીની વ્યુહરચના મામલે નિર્ણય કરવા ભાજપની બેઠક

નવી દિલ્હી,તા. ૧૮

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સુધરાઈની ચૂંટણીમાં શાનદાર જીત મેળવી લીધા બાદ ભાજપમાં નવા પ્રાણ ફુકાયા છે. દિલ્હીમાં જીત બાદ ભાવિ ચૂંટણી વ્યુહરચના ઘડી કાઢવાના મામલે ચર્ચા કરવા આજે ભાજપના ટોચના નેતાઓની બેઠક દિલ્હીમાં યોજાઈ હતી. આ બેઠકમાં તમામ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. પક્ષના સુત્રોએ વિગત આપતા કહ્યું હતું કે સવારમાં પક્ષ પ્રમુખ નિતિન ગડકરીના નિવાસસ્થાને આ બેઠક યોજાઈ હતી. જેમાં વરિષ્ઠ નેતા એડવાણી, સુષ્મા સ્વરાજ, અરૂણ જેટલી અને ચાવીરૂપ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સુત્રો વધુમાં કહ્યું હતું કે ભાવિ નિતી તૈયાર કરવા માટે આ બેઠક મળી હતી. આગામી ચૂંટણીમાં કઈ રીતે આગળ વધવામાં આવે તે પાસા પર ખાસ ચર્ચા થઈ હતી. જે રાજ્યોમાં પક્ષ સત્તામાં નથી ત્યાં કઈ રીતે આગળ વધવામાં આવે તે પાસા પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

પક્ષ પ્રમુખ નિતીન ગડકરીએ ગઈકાલે દિલ્હી સુધરાઈ ચૂંટણીમાં ભાજપની જીતને ખુબ ઉપયોગી જીત ગણાવી હતી. તેમણે ઉમેર્યું હતું કે લોકોમાં કોંગ્રેસ વિરોધી મોજુ હાલમાં પ્રવર્તી રહ્યુ છે તે બાબત આ ચૂંટણીથી સાબિત થાય છે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવી લેટ્રીક નોંધવી છે.

ગોવા કોમી હિંસા : ૪૦ શખ્સ નિર્દોષ જાહેર થયા

પણજી,તા. ૧૮

ગોવામાં સ્થાનિક અદાલતે વર્ષ ૨૦૦૯માં ભડકેલી કોમી હિંસા સાથે સંબંધિત મામલે આજે ૪૦ શખ્સોને નિર્દોષ જાહેર કર્યા હતા. નિર્દોષ જાહેર થયેલાઓમાં ભાજપના વરિષ્ઠ નેતાઓનો પણ સમાવેશ થાય છે. ગોવામાં બે શહેરોમાં કોમી હિંસા ભડકી ઉઠી હતી. મારગાવમાં સેશન કોર્ટે ભાજપના જનરલ સેક્રેટરી સતીશ ધોન્ડ અને વરિષ્ઠ નેતા શર્મદ રેસ્યુટકરને નિર્દોષ છોડી મુકયા હતા. બીજા અને ૩જી માર્ચ ૨૦૦૯ના દિવસે મદરેસાને તોડી પાડવામાં આવ્યા બાદ હિંસા ભડકી ઉઠી હતી.

આ હિંસાનો દોર ત્રણ દિવસ સુધી ચાલ્યો હતો. આ હિંસાના ગાળામાં કરોડો રૂપિયાની સંપત્તિને નુકસાન થયું હતું. સ્થિતી વધારે વણસી જતા આખરે કેંદ્રિય ઔદ્યોગિક સુરક્ષા દળોના જવાનોને તાત કરી દેવામાં આવ્યા હતા. લાંબી સુનાવણી ચાલ્યા બાદ કોર્ટે આખરે આજે તેનો ચુકાદો જાહેર કર્યો હતો.

વધુ ખાંડની નિકાસને મંજૂરી આપવા માટે વિચારણા

નવી દિલ્હી,તા. ૧૮

ખાંડના ઉત્પાદનમાં સતત વધારો થતા નવી આશા જાગી છે. વધુ ઉત્પાદનના કારણે એકબાજુ ખાંડની કિંમતો સ્થિર રહેવાની શકયતા છે. બીજી બાજુ ખાંડની વધુ નિકાસ કરવામાં આવે તેવી પણ શકયતા છે. ખાંડ ઉત્પાદનથી ખુશખુશાળ ખાદ્યાન પ્રધાન કેવી થોમસે કહ્યું છે કે સરકાર સપ્ટેમ્બરમાં પુર્ણ થઈ રહેલા વર્તમાન માર્કેટિંગ વર્ષમાં વધુ ખાંડની નિકાસને મંજૂરી આપવામાં આવે તે માટે વિચારણા ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે સરકારે પહેલાથી વર્ષ ૨૦૧૧-૧૨ના માર્કેટિંગ વર્ષમાં ત્રણ એક સમાન તબક્કામાં ત્રણ મિલિયન ટન ખાંડની નિકાસને મંજૂરી આપી છે. કારણ કે દેશમાં ખાંડનું ઉત્પાદન ધારણા કરતા ખુબ વધારે રહેવાની શકયતા છે. ટુંક સમયમાં જ મળનારી એમ્પાવર્ડ ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની બેઠકમાં વધુ ખાંડની નિકાસને મંજૂરી આપવી જોઈએ કે કેમ તે પાસા પર વિચારણા કરવામાં આવશે. રાજીવ ગાંધી

નેશનલ ફ્યાવલિટી એવોર્ડના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે દેશમાં ખાંડનું ઉત્પાદન આ વખતે વધારે રહેવાની આશા છે. પ્રધાને જણાવ્યું હતું કે આ વર્ષે ખાંડનુ ઉત્પાદન વધવાની શકયતા છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે અમે વધુ પ્રમાણમાં ખાંડની નિકાસ કરવામાં આવે તેની વિરુદ્ધમાં નથી. કારણ કે અમારી સ્થિતી ખુબ સારી છે. તેમણે દોવા કર્યો હતો કે ઉત્પાદન ૨૪.૬૩ મિલિયન ટન થયું છે. ઈન્ડસ્ટ્રીઝ સંસ્થાએ કહ્યું છે કે માર્કેટિંગ વર્ષમાં ખાંડ ઉત્પાદન ૨૪.૬૪ મિલિયન ટન સુધી રહ્યું છે. ઈન્ડસ્ટ્રીઝ સંસ્થાએ કહ્યું છે કે માર્કેટિંગ વર્ષમાં ખાંડ ઉત્પાદન વધીને ૨૫.૫ મિલિયન ટન સુધી પહોંચી શકે છે

વધુ ખાંડ ઉત્પાદન.....

- દેશમાં ખાંડ ઉત્પાદન નવા રેકોર્ડ ઉત્પાદન સુધી પહોંચી જવાની વકી
- દેશસરકાર વધુ પ્રમાણમાં ખાંડની નિકાસ કરવા વિચારણા કરશે
- દેશવર્ષ ૨૦૧૧-૧૨ના માર્કેટિંગ વર્ષમાં ત્રણ મિલિયન ટન ખાંડની નિકાસ કરવામાં આવી હતી
- દેશમાં ખાંડ ઉત્પાદન ૧ પમી એપ્રિલ સુધી ૨૪.૬૩ મિલિયન ટન
- આ વર્ષે ઉત્પાદન વધીને ૨૫.૫ મિલિયન ટન સુધી પહોંચી શકે છે
- ભારત ખાંડની નિકાસ કરવાની સારી સ્થિતીમાં છે.
- ખાંડ ઉત્પાદન વધવાથી દેશમાં ખાંડના ભાવ સ્થિર રહેવાની પ્રબળ સંભાવના
- ખાંડના ઉત્પાદનને વધારવા માટે તમામ પગલા લેવાયા
- ખાંડ ઉત્પાદન વધારવા માટે સંબંધિત ખેડૂતોને પ્રોત્સાહન

વધીને આવી વર્ષે ૨૫.૫ મિલિયન ટન સુધી પહોંચવાની શકયતા છે. ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિએશનના જણાવ્યા મુજબ દેશમાં ખાંડ ઉત્પાદન ૧૫મી એપ્રિલ સુધી વર્ષમાં ઉત્પાદન ૨૬ મિલિયન ટન સુધી પહોંચી જશે. ખાદ્યાન મંત્રાલય માને છે કે વર્ષ ૨૦૧૨-૧૩માં ખાંડનું ઉત્પાદન વર્તમાન વર્ષની સપાટીએ રહેશે.

બી.એસ.એન.એલ.ની કચેરીમાં ત્રીજા માળે ભીષણ આગ

અમદાવાદ, તા.૧૮

શહેરના સી.જી.રોડ પર આવેલી બી.એસ.એન.એલ.ની કચેરીમાં ત્રીજા માળે ભીષણ આગ ફાટીનીકળતા ભારે નાસભાગ મચી ગઈ હતી. ફાયર બ્રિગેડના તમામ અધિકારીઓ ૧૮થી પણ વધુ ગાડીઓના કાફલા સાથે દોડી ગયા હતા. આગમાં વર્ષો જુનો રેકર્ડ, મશીનરી સહિતનો સામાન સંપૂર્ણ રીતે બળીને ભસ્મીભૂત થઈ ગયો હતો. બીએસએનએલ એક્સચેન્જમાં આગ લાગતા ૪૦ હજારથી પણ વધુ ફોન ઠપ થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની વિગતવાર માહિતીએવી છે કે આજે સવારે ૯:૧૦ વાગ્યાના સુમારે સી.જી.રોડ પર આવેલી બી.એસ.એન.એલ. કચેરીના કોલસેન્ટરમાં ભીષણ આગ લાગી હતી. શોટસર્કીટને કારણે લાગેલી આગ મીનીટોમાં સમગ્ર માળ પર ફેલાઈ ગઈ હતી અને ચારેતરફ ધુમાડો ફેલાઈ ગયો હતો. આગ એટલી ભયાનક હતી કે દૂર-દૂર સુધી આગના ગોટે-ગોટા નજરે પડતાં હતા. ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરાતા ફાયર બ્રિગેડના ચીફ ફાયર ઓફિસર એમ.એફ.દસ્તુર, એડીશનલ ચીફ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટ

તેમજ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ડી.આર. વર્મા અને પી.એસ. પરમાર સહિતનો કાફલો ૧૮થી પણ વધુ ગાડીઓ સાથે આવી પહોંચ્યો હતો. ફાયરબ્રિગેડે તુરંત આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી દીધી હતી.

પરંતુ બી.એસ.એન.એલ. ઓફિસના એક પણ માળ ઉપર વેન્ટી લેશનની વ્યવસ્થા ન હોવાથી સમગ્ર બીલ્ડીંગમાં ધુમાડો ભરાઈ જવાથી આગ બુઝાવવામાં ફાયર બ્રિગેડની ટીમને ભારે જહેમત ઉઠાવી પડી હતી. ફાયરબ્રિગેડે હાઈડ્રોલીક પ્લેટફોર્મ અને ટર્નટેબલ લોડર જેવા અત્યા ધુનિક સાધનો વડે બીમાંથી આગને બુઝાવવાના પ્રયાસો હાથ ધર્યાહતા.

આ ઉપરાંત બ્લોઅર મશીન દ્વારા ત્રીજા, ચોથા અને પાંચમા માળે ભરાયેલા ધુમાડાને બહાર કાઢવામાં આવ્યો હતો. આગ એટલી ભયાનક હતી કે ફાયર બ્રિગેડે ત્રણ-ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગને કાબુમાં કરી હતી. ફાયરબ્રિગેડના એડીશનલ ચીફ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટે જણાવ્યું હતું કે તમામ માળે ધુમાડો ભરાઈ જવાથી આગ બુઝાવવામાં ભારે તકલીફનો સામનો કરવો પડ્યો હતો. જો કે હાલમાં આગ સંપૂર્ણ રીતે કાબુમાં આવી ગઈ છે.

જાણવા મળેલી માહિતી મુજબ સતત ત્રણ-ત્રણ કલાકનીભારે જહેમતબાદ ફાયરબ્રિગેડની ટીમ આગને કાબુમાં કરવામાં સફળ રહી હતી અને બાદમાં ટીમના તમામ માણસો ઘટના સ્થળેથી પરત ફર્યા હતા. દરમ્યાનમાં કેટલાક કેબલ વાયરોને કારણે ફરી આગ ભડકી હતી. જેથી એડીશનલ ચીફ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટ સહિતની ટીમ ફરી ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પરંતુ સામાન્ય આગ હોવાથી તુરંત કાબુમાં કરી લેવાઈ હતી.

રેન્જ બાઉન્ડ કારોબાર વચ્ચે શેરબજારમાં ફ્લેટ પરિસ્થિત

મુંબઈ,તા. ૧૮

શેરબજારમાં આજે ફ્લેટ સ્થિતી રહી હતી. રેન્જ બાઉન્ડ કારોબારની સ્થિતી વચ્ચે અંતે સુધારો થયો હતો. કારોબારના અંતે સેન્સેક્સ ૩૪ પોઈન્ટ ઉછળીને ૧૭૩૯૨ની નવી સપાટીએ રહ્યો હતો. ૧૭૩૩૨ અને ૧૭૫૨૨ પોઈન્ટની વચ્ચે રહ્યા બાદ સેન્સેક્સમાં નજીવો સુધારો થયો હતો. આવી જ રીતે નિફટી પણ ૧૦ પોઈન્ટ સુધરીને ૫૩૦૦ની સપાટીએ રહ્યો હતો. દિવસ દરમિયાન મોટા ભાગે શેરબજારમાં મજબુત સ્થિતી રહી હતી. જો કે યુરોપિયન બજારમાં નબળાઈ સાથે શરૂઆત થઈ હતી. દરમિયાન એશિયન બજારોમાં તેજ રહી હતી. નિફ્ટીમાં ૨ ટકાનો સુધારો થતા તેની સપાટી ૫૯૯૩ રહી હતી. જ્યારે હેંગસેંગ અને શંઘાઈમાં ક્રમશ એક અને બે ટકાનો સુધારો થયો હતો. આજે એચટીએકસી બેંકમાં એક ટકાનો સુધારો થયો હતો. તેના પરિણામ જાહેર થયા બાદ તેના શેરમાં સ્થિતી સુધરી હતી. બેંકના નેટ નફામાં ૩૦.૩ ટકાનો સુધારો થયો હતો. ઉંચી ફી આવક અને ક્રેડિટ માંગના કારણે નવી ગણતરી થઈ રહી છે. તેનો નફો અપેક્ષા કરતા સારો રહ્યો હતો. જેથી તેના શેરમાં લેવાલી રહી હતી. અન્ય જે શેરમાં સારો સુધારો થયો હતો તેમાં તાતા પાવર, તાતા મોટર, સન ફાર્મા, હિન્દાલ્કો, વિપ્રો, જિન્દાલ સ્ટીલ, હિરો મોટો કોર્પ, સ્ટર લાઈટના શેરમાં સુધારો થયો હતો. જે શેરમાં મંદી રહી હતી તેમાં ડીએલએફ, આઈટીસી, ભેલ, લાર્સન એન્ડ ટ્રુબો, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, કોલ ઈન્ડિયા, ભારતી એરટેલનો સમાવેશ થાય છે. ઓટો અને હેલ્થકેરના શેરમાં સારી સ્થિતી રહી હતી.બીએસઈ ઓટો ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો સુધારો થયો હતો. હેલ્થકેર ઈન્ડેક્સમાં ઓક ટકાનો સુધારો થયો હતો. ઓઈલ એન્ડ ગેસ, મેટલ, ક્યુરેબલ ,પાવર અને આઈટી શેરમાં સારી સ્થિતી રહી હતી. સ્પાઈસ જેટના શેરમાં આજે અપેક્ષા કરતા વધારે ૬ ટકાનો વધારો થયો હતો. વ્યક્તિગત શેરની વાત કરવામાં આવે તો એચસીએલ ટેકમાં ૩ ટકાનો સુધારો થયો હતો. બ્રોડર માર્કેટમાં સ્થિતી સારી રહી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૩૦ પોઈન્ટનો સુધારો થયો હતો. જ્યારે સ્મોલ કેપમાં ૩૪ પોઈન્ટનો સુધારો થયો હતો. એકંદરે ૧૬૨૫ શેરમાં તેજી રહી હતી.

ચૂંટણીની વ્યુહરચના મામલે નિર્ણય કરવા ભાજપની બેઠક

નવી દિલ્હી,તા. ૧૮

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સુધરાઈની ચૂંટણીમાં શાનદાર જીત મેળવી લીધા બાદ ભાજપમાં નવા પ્રાણ ફુકાયા છે. દિલ્હીમાં જીત બાદ ભાવિ ચૂંટણી વ્યુહરચના ઘડી કાઢવાના મામલે ચર્ચા કરવા આજે ભાજપના ટોચના નેતાઓની બેઠક દિલ્હીમાં યોજાઈ હતી. આ બેઠકમાં તમામ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. પક્ષના સુત્રોએ વિગત આપતા કહ્યું હતું કે સવારમાં પક્ષ પ્રમુખ નિતિન ગડકરીના નિવાસસ્થાને આ બેઠક યોજાઈ હતી. જેમાં વરિષ્ઠ નેતા એડવાણી, સુષ્મા સ્વરાજ, અરૂણ જેટલી અને ચાવીરૂપ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સુત્રો વધુમાં કહ્યું હતું કે ભાવિ નિતી તૈયાર કરવા માટે આ બેઠક મળી હતી. આગામી ચૂંટણીમાં કઈ રીતે આગળ વધવામાં આવે તે પાસા પર ખાસ ચર્ચા થઈ હતી. જે રાજ્યોમાં પક્ષ સત્તામાં નથી ત્યાં કઈ રીતે આગળ વધવામાં આવે તે પાસા પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

પક્ષ પ્રમુખ નિતીન ગડકરીએ ગઈકાલે દિલ્હી સુધરાઈ ચૂંટણીમાં ભાજપની જીતને ખુબ ઉપયોગી જીત ગણાવી હતી. તેમણે ઉમેર્યું હતું કે લોકોમાં કોંગ્રેસ વિરોધી મોજુ હાલમાં પ્રવર્તી રહ્યુ છે તે બાબત આ ચૂંટણીથી સાબિત થાય છે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવી લેટ્રીક નોંધવી છે.

અગ્નિ-૫ ફુલ ૧,૦૦૦ કિલો વોરહેડ લઈને ત્રાટકવા સક્ષમ

નવી દિલ્હી,તા. ૧૮

અગ્નિ ૫ ભારતના બીઆરઓઓ દ્વારા વિકસીત કરવામાં આવેલી ઈન્ટરકોન્ટીનેન્ટલ બેલાસ્ટીક મિસાઈલ છે. મિસાઈલની ક્ષમતા ૫૫૦૦ કિલોમીટર સુધી ત્રાટકવાની છે. મિસાઈલમાં અતિ આધુનિક ટેકનોલોજી છે. આ મિસાઈલની મહતમ ૧.૧ ૨૫/૧૦૦૦ કિલોગ્રામ વોરહેડ લઈને ત્રાટકવામાં આ મિસાઈલ સક્ષમ છે. ચીન અને અન્ય દેશની પ્રવૃત્તિને

ધ્યાનમાં લઈને ભારને આ મિસાઈલ તૈયાર કરી છે. વર્ષ ૨૦૦૭માં ભારતના વરિષ્ઠ સંરક્ષણ વૈજ્ઞાનિક એમ નટરાજને કહ્યું હતું કે બીઆરઓ અગ્નિ-૩ની અપગ્રેડ કરવામાં આવેલી આવૃત્તિ ઉપર કામ કરે છે. ચાર વર્ષના ગાળામાં આ મિસાઈલ ઉપર કામ ચાલી રહ્યું હતું. આ મિસાઈલને સરળતાથી સ્ટોર કરી શકાય છે. સાથે સાથે આ મિસાઈલના પરિવહન માટે પણ ઠોઈ વધારે તકલીફ નથી. આ મિસાઈલની ઘણી વિશેષતા રહેલી છે. અગ્નિ-૩ મિસાઈલના ડીબારડીઓ દ્વારા પરિક્ષણ કરવામાં આવ્યા બાદ વર્ષ ૨૦૧૪-૧૫માં ઓપરેશનમાં મૂકાશે.

ટાટ્રા કેસમાં નોયડા-દિલ્હીમાં સીબીઆઈ ટીમ દ્વારા તપાસ

નવી દિલ્હી,તા.૧૮

સેનાને ટાટ્રા ટ્રકની પ્રાપ્તિ અને સપ્લાયના સંબંધમાં ગેરરીતિ મામલામાં તપાસના ભાગરૂપે આજે સવારે સીબીઆઈએ નોયડા અને દિલ્હીમાં ત્રણ જગ્યાઓએ ઊંડી તપાસ હાથ ધરી હતી. સીબીઆઈએ સર્ચ કામગીરીના કારણે તંત્રમાં ભારે ઉત્તેજના સહી હતી. સીબીઆઈના અધિકારીઓએ સવારથી ગુરૂદીપ પાટનગર અને નોયડામાં ગેરરીતિના સંબંધમાં તપાસ ચલાવી હતી. દસ્તાવેજોમાં ઊંડી તપાસ થઈ હતી. આ તપાસની કામગીરી ગુપ્ત રીતે હાથ ધરવામાં આવી હતી.

વાધાજનક દસ્તાવેજો મળ્યા હોવાની પણ માહિતી મળી છે. જો કે હજુ સુધી આ સંબંધમાં સીબીઆઈ દ્વારા કોઈ ખુલાશો કરવામાં આવ્યો નથી. સીબીઆઈ અધિકારીઓની ત્રણ ટીમે નિવૃત થયેલા બે આર્મી ઓફિસરના નિવાસ સ્થાને પહોંચી ગયા હતા અને તપાસ શરૂ કરી હતી. ઉપરાંત સવારમાં જ વેક્ટ્રાના એક અધિકારીના આવાસ ઉપર પણ પહોંચ્યા હતા. ટાટ્રા સોદ્રાબાજી સાથે સંબંધિત કેટલાક મહત્વપૂર્ણ દસ્તાવેજો મેળવી લીધા બાદ તેમાં તપાસ હાથ ધરાઈ હતી. દરમિયાન સીબીઆઈએ આજે કરીવાર બીઈએમએલના ચેરમેન વીબીઆએમ નટરાજન અને કેટ્રાના ચેરમેન રવિન્દર રિસીની પૂછપરછ કરી હતી. બંનેની ગઈકાલે પણ પૂછપરછ કરાઈ હતી. આજે સતત બીજા દિવસે તેમણે પૂછપરછ માટે બોલાવામાં આવ્યા હતા. આ કેસમાં રવિન્દર રિસીના નામનો ઉલ્લેખ કરાયો છે. સીબીઆઈની ટીમ ટાટ્રા તરફથી સપ્લાયમાં ગેરરીતિમાં તપાસ ચાલી રહી છે.

વિમાની ભાડામાં ૧૦-૨૫ ટકાનો થયેલો મોટો વધારો

નવી દિલ્હી,તા. ૧૮

હોલિ ડે સિઝનની શરૂઆત થાય તે પહેલા કેટલાક વ્યસ્ત રૂટ પર વિમાની ભાડામાં ૧૦-૨૫ ટકાનો ઉલ્લેકખનીય વધારો કરવામાં આવ્યો છે. આ ભાડામાં વધારો કરાયા બાદ મોટી સંખ્યામાં લોકોના પ્રવાસ આયોજનને અસર થાય તેવી શકયતા છે. છેલ્લા કેટલાક દિવસના ગાળામાં જ કેટલાક વ્યસ્ત રૂટ પર ધરખમ વધારો કરાયા બાદ સ્થાનિક પ્રવાસીઓ આશ્ચર્યચકિત થયા છે. વિમાની ભાડામાં વધારો કરવા માટે એરલાઈન્સો અનેક કારણો આપી રહી છે. એકબાજુ કટોકટીગ્રસ્ત કિંગફિશર તેની સેવામાં કાપ મુકયો છે. રિફેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એંણિએશનના ખાસ સેલના અધિકારીએ કહ્યું છે કે ભાડામાં વધારો એરલાઈન્સ દ્વારા પોતે સુજ કરવામાં આવેલી પ્રાઈસ બેન્ડ કરતા વધારે નથી. સરકારની દલીલ છે કે માર્કેટ દ્વારા વિમાની ભાડા નક્કી કરવામાં આવે છે. તેના દ્વારા ભાડા નક્કી કરવામાં આવતા નથી. જો નક્કી કરવામાં આવેલા પ્રાઈસ બેન્ડથી વધારે ભાડામાં વધારો કરવામાં આવે તો જ તે દરમિયાનગીરી કરે છે. મળેલી માહિતી મુજબ દિલ્હી-બેંગલોર સેકટર પર ઈકોનોમી રીટર્ન ભાડુ ૧૨૦૦૦-૧૫૫૦૦થી વધીને ૧૩૦૦૦-૨૩૦૦૦ સુધી પહોંચી ગયું છે. આવી જ રીતે દિલ્હી-કોલકતા રૂચ પર ભાડુ ૧૦૦૦૦-૧૨૦૦૦થી વદીને ૧૫૦૦૦થી ૧૮૦૦૦ થઈ ગયું છે. જ્યારે શ્રીનગર-દિલ્હી રૂટ પર ભાડુ પણ ખુબ વધ્યું છે. દિલ્હી-ચેન્નાઈ રૂટ પર પર વિમાની ભાડામાં વધારો થયો છે.

તોયબાના લીડર હફીઝ સઇદની વધુ સુરક્ષા આપવા માંગણી

લાહોર,તા. ૧૮

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ભીષણ ત્રાસવાદી હુમલા માટે મુખ્ય માસ્ટર માઈન્ડ ગણાતા લશ્કરે તોયબાના સ્થાપક હફીઝ સઈદે પણ વધુ સુરક્ષા ઉપલબ્ધ કરાવવાની માંગણી કરી છે. હફીઝે અમેરિકા તરફથી દબાણ સમક્ષ ઝુંકીને તેની સાથે કોઈ પ્રતિકુળ પગલા લેવાથી પાકિસ્તાની સત્તાવાળાઓને રોકવા હાઈકોર્ટમાં અપીલ કરી છે. સઈદે કહ્યું છે કે તેની સામે પણ ખતરો છે. જેથી તે સુરક્ષિત અનુભવ કરી રહ્યો નથી. કોઈ પણ ઘટના તેની સાથે બની શકે છે. ત્રાસવાદી લીડરની અપીલ બાદ લાહોર હાઈ કોર્ટના ચીફ જસ્ટીસ અજમત સઈદ શેખે પાકિસ્તાન સરકારને નોટીસ આપી હતી. ઉપરાંત ગૃ મંત્રાલય, પંજાબના ગૃહ મંત્રાલયને પણ નોટીસ આપી હતી. આ તમામને ૨૫મી એપ્રિલ સુધી તેમના જવાબો આપવા પાકિસ્તાન સરકારને આદેશ કર્યો હતો. સઈદે તેમના સંબંધી હફીઝ અબ્દુલ રહેમાન મખ્કીની સાથે મળીને આ અરજી દાખલ કરી હતી. અમેરિકાએ થોડાક દિવસ પહેલા સઈદ પર ૧૦ મિલિયન ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું. જ્યારે મખ્કી માટે અમેરિકાએ બે મિલિયન ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું. સઈદ અને મખ્કીએ તેમની અરજીમાં યહુદી દલીલો કરી છે. પાકિસ્તાનના બંધારણની કલમ ચાર અને નવ હેઠળ તેઓ સ્વતંત્ર નાગરિક છે. જેથી પાકિસ્તાની સરકાર અને પ્રાંતિય સરકારોએ અમેરિકા દબાણ સમક્ષ ઝુંકીને તેમની સામે પગલા લેવા જોઈએ નહીં. આ બન્ને કુખ્યાત શખ્સોએ વધારે સુરક્ષા ઉપલબ્ધ કરાવવા માટે સરકારને આદેશ આપવાની માંગ કરી છે. સઈદ અને મખ્કીએ વધુમાં કોર્ટમાં કહ્યુંહતું કે અમેરિકા તેમના પર જાહેર કરવામાં આવેલા ઈનામની રકમ પાછી ખેંચે તેમ તેઓ ઈચ્છે છે. જેથી પાકિસ્તાની સરકારે અમેરિકા સમક્ષ રજૂઆત કરવી જોઈએ. સઈદ તરફથી વકીલ એફે.ડુગરે કોર્ટમાં રજૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાની સરકારે સઈદ સામે પુરાવા આપવા અમેરિકાને અપીલ કરવી જોઈએ.